©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] THURSDAY, 07th MAY, 2026/VAISHAKHA 17, 1948 [No. 3355**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## અધિસુચના

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯**

**જુઓ નિયમ ૨૬ (૯)**

**નગર રચના યોજના નં. ૪૫૬(વટવા)**

**પ્રારંભિક યોજના**

નં. : ન.ર.યો./નં.૪૫૬(વટવા)/પ્રા.યો એવોર્ડ અધિસુચના/જનરલ/૧૧૮૭.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ અનુસાર, તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં. ૪૫૬(વટવા) ની પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો તા. ૦૧-૦૫-૨૦૨૬ ના શુક્રવારના રોજ જાહેર કર્યા છે.

સદરહું કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા “નમૂનો-૬” ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**તા : ૦૧-૦૫-૨૦૨૬**
**સ્થળ : અમદાવાદ**

**સહી/- અવાચ્ય**
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
અમદાવાદ નગર રચના યોજના,
એકમ-૨, અમદાવાદ

**કચેરીનું હાલનું સરનામુ :**

પ્રવર નગર નિયોજકની કચેરી, અમદાવાદ નગર રચના યોજના, એકમ-૨,
ત્રીજો માળ, ઓફિસ નં. ૩૧૭ થી ૩૨૨, મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ,
નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસની સામે, નવરંગપુરા ,અમદાવાદ-૩૮૦૦૦૯.



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.09 08:42:16 IST